# વરસાદે ૫૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

## જુલાઈમાં સૌથી વધુ ૨૪ ઈંચ વરસાદ નોંધાયો : કચ્છમાં ૧૧૭, દક્ષિણ ગુજરાતમાં ૮૨, સૌરાષ્ટ્રમાં ૬૨ ટકા વરસાદ : ઉત્તર ગુજરાતમાં સૌથી ઓછો વરસાદ

ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં જુલાઈ મહિનામાં ભારે વરસાદ પડ્યો છે, જેણા કારણે ૭૦ ટકા સીઝનનો વરસાદ પડી ચૂક્યો છે. હજુ ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનો બાકી છે. તેના પહેલા જ રાજ્યના અનેક જળાશયો, નદી અને કૂવામાં વરસાદી પાણીથી ભરાય ગયા છે. જોકે, વરસાદના બીજા રાઉન્ડમાં ઉત્તર ગુજરાતમાં સારો વરસાદ થયો છે. જુલાઈ મહિનામાં વરસાદ થવો જોઈએ તેના કરતાં ૫૬ ટકા વધુ નોંધાયો છે.

રાજ્યમાં જુલાઈ મહિનામાં વરસાદે રેકોર્ડ તોડ્યો છે. ૫૦ વર્ષમાં પ્રથમ વખત આ વખતે જુલાઈ મહિનામાં સૌથી વધુ ૨૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. જેમાં કચ્છમાં ૧૧૭, દક્ષિણ ગુજરાતમાં ૮૨ અને સૌરાષ્ટ્રમાં ૬૨ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં સૌથી ઓછો વરસાદ ૫૭ ટકા વરસાદ નોંધાયો છે. તો રાજ્યમાં સરેરાશ સિઝનનો ૭૦ ટકા વરસાદ નોંધાયો છે. ૮૬ તાલુકામાં ૨૦થી ૪૦ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે, જયરે રાજ્યના ૩૧ તાલુકામાં ૪૦ ઈંચથી વધારે વરસાદ ચોપડે નોંધાયો છે. અત્યાર સુધી દાહોદના લીમખેડામાં સૌથી ઓછો ૪.૫ ઈંચ વરસાદ નોંધાયો છે.

ગુજરાતના ૫૫ ડેમમાં ૯૦ ટકાથી વધારે પાણીનો જથ્થો આવી ચૂક્યો છે. ગુજરાતના ૬ ડેમમાં ૮૦ ટકાથી ૯૦ ટકા પાણી ભરાયું છે. જ્યારે ૧૭ ડેમમાં ૭૦થી ૮૦ ટકા પાણી આવ્યું છે. પરંતુ હજુ ગુજરાતના ૧૨૮ ડેમમાં ૭૦ ટકાથી ઓછું પાણી છે. બીજી તરફ નર્મદા ડેમની સપાટી ૧૩૦.૮૬ મીટરે પહોંચી છે. સરદાર સરોવર ડેમમાં ૭૪.૧૯ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૪૪.૨૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૭૧.૮૧ ટકા, કચ્છના ૨૦ ડેમમાં ૭૦.૩૯ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૫૫.૨૯ ટકા એમ રાજ્યના ૨૦૭ ડેમમાં ૬૪.૮૩ ટકા પાણીનો સંગ્રહ થયો છે. સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં ધરખમ વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ડેમની સપાટી ૧૩૦.૮૬ મીટરે પહોંચી ગઈ છે.

રાજ્યના ૨૦૬માંથી ૩૪ ડેમ ઓવરફ્લો થયા છે, ૧૦૦ ટકા ડેમ છલોછલ થયા હોય તેમાં સૌરાષ્ટ્રના ૧૩, કચ્છના ૧૩, દક્ષિણ ગુજરાતના ૭ અને મધ્ય ગુજરાતના એક ડેમનો સમાવેશ થાય છે. ઉત્તર ગુજરાતના ડેમોમાં હજુ પાણીની ખાસ આવક થઈ નથી, ત્યાંના ૧૫ ડેમોમાં ૨૪.૩૮ ટકા પાણીનો સંગ્રહ થયો છે. સરદાર સરોવર સહિત ગુજરાતના ૨૦૭ ડેમોમાં ૬૪.૮૩ ટકા પાણીનો સંગ્રહ થયો છે.



શ્રાવણ માસના પ્રથમ દિવસે ગૃહમંત્રી હર્ષ સંઘવી ઐતિહાસિક મહત્વ ધરાવતા ધોળેશ્વર મહાદેવ મંદિર પહોંચ્યા હતા. અહીં તેઓએ મહાદેવની પૂજા કરી જનકલ્યાણ અર્થે પ્રાર્થના કરી હતી. તેમની સાથે મેયર, ડેપ્યુટી મેયર, મહાનગર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ અને કોર્પોરેટરો જોડાયા હતા.



રખડતી ગાયોનો ત્રાસ ઘણા ઉપાયો અજમાવવા છતાં દૂર થતો નથી. મનપા દ્વારા અનેક યોજનાઓ બનાવાઈ છે પરંતુ રખડતી ગાયો રસ્તા પર અડીંગો જમાવીને બેસી જ જાય છે. વરસાદ હોય ત્યારે તો ગાયો રસ્તા પરથી હટતી જ નથી. ખ રોડ ઉપર આખો દિવસ ગાયો બેસી રહેતા વાહનચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

# શહેરી વિકાસ રાષ્ટ્રીય કોન્કલેવનો મુખ્યમંત્રીએ શુભારંભ કરાવ્યો

## કોન્કલેવ શહેરી સુખાકારીનો અમૃત કાળ સાબિત થશે : અમદાવાદ શહેરનું રીવરફ્રન્ટનું ડેવલેપમેન્ટ પોલીટીકલ વીલનું શ્રેષ્ઠ ઉદાહરણ છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં પ્રથમ વખત યોજાયેલ શહેરી વિકાસ રાષ્ટ્રીય કોન્કલેવનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવતા જણાવ્યું કે, શહેરી વિકાસ રાષ્ટ્રીય કોન્કલેવ શહેરી સુખાકારીનો અમૃત કાળ સાબિત થશે. અમદાવાદ શહેરના રીવરફ્રંટ ખાતે યોજાયેલ આ કોન્કલેવમાં મુખ્યમંત્રી એ સાબરમતી રીવરફ્રંટને વિશ્વ સ્તરીય માળખાગત સુવિધાનું શ્રેષ્ઠ નજરાણું ગણાવીને રીવરફ્રંટના ડેવલપમેન્ટને પોલોટીકલ વીલનું શ્રેષ્ઠ ઉદાહરણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, દેશને ૫ ટ્રીલીયન ઈકોનોમી બનાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનને સિદ્ધ કરવા શહેરી ઈકોનોમીનો વિકાસ અતિઆવશ્યક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પડકારોને તકોમાં પરિવર્તિત કરવાની શૈલી વિકસાવી છે. તેમણે ૨૦ વર્ષ પહેલા ગુજરાતના સાશનની ધુરા સંભાળી ત્યારે શહેરોની સુવિધાઓ મર્યાદિત હતી. નરેન્દ્ર મોદીના અથાગ પરિશ્રમ અને દૂરંદેશીતાના પરિણામે આજે સ્માર્ટ સીટી અને ગુડ ગવર્નન્સની પરિપાટીએ ગુજરાતના નગરો અને શહેરોનો વિકાસ દેશ માટે રોલ મોડલ બન્યો છે. જેના પરિણામે વર્લ્ડ ક્લાસ સ્માર્ટ અને સસ્ટેનેબલ સીટીનો એક નવો યુગ નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં શરૂ થયો છે. વિશ્વ ફાસ્ટટ્રેક વિકાસની ગતિ તરફ આગળ વધી રહ્યું છે અને નાગરિક કેન્દ્રી સુવિધા અને ઓનલાઈન સુવિધાઓના સમન્વય થી આજે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થઈ રહ્યો છે. સ્માર્ટ ક્લાસરૂમથી સ્માર્ટ આંગણવાડી, સ્માર્ટ પાર્કિંગ થી સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ, સ્માર્ટ ડ્રેનેથી સ્માર્ટ વોટર મેનેજમેન્ટ અને સ્માર્ટ ચાર્જીંગથી સ્માર્ટ ઈલેક્ટ્રીક બસ જેવા અસંખ્ય પ્રયાસોની સામાન્ય માનવીના જીવન પર સકારાત્મક અસર વર્તાઈ રહી છે અને ઈઝ ઓફ લીવીંગ સરળ બની રહ્યું છે તેવો ભાવ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, દેશમાં છેલ્લા કેટલાય દાયકાથી ગ્રામ્ય ક્ષેત્રોમાં મર્યાદિત આવક, ઔદ્યોગિકરણ, આંતર માળખાકીય સવલતો, શિક્ષણ અને સ્વાસ્થ્યની મર્યાદિત સવલતોના પરિણામે શહેરીકરણ વધ્યું છે.જે કારણોસર શહેરી વિકાસ મહત્વની બાબત બની રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે ગામડાઓના જન્મદિવસ ઉજવવાની વ્યક્ત કરેલી નેમના ભાગરૂપે ગુજરાતમાં ૩ મહિનામાં ૭ હજાર જેટલા ગામડાઓના જન્મદિવસ ઉજવવામાં આવ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતુ. અમદાવાદ ખાતેની ગુજરાતની પ્રથમ શહેરી વિકાસ રાષ્ટ્રીય કોક્લેવમાં અમદાવાદ શહેરના મેયર કિરીટભાઈ પરમાર, શહેરી વિકાસ મુખ્ય સચિવ મુકેશ કુમાર, અમદાવાદ મ્યુનિસીપલ કમિશનર લોચન શહેરા, સાબરમતી વિકાસ બોર્ડના ચેરમેન કેશવ વર્મા, અગ્રણી સુરેન્દ્રકાકા સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ, દેશના વિવધ રાજ્યો અને શહેરોના મ્યુનિસીપલ કોર્પોરેશનના અગ્રણીઓ, હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ગણેશોત્સવ અન્વયે સે-૨૨ રંગમંચ ખાતે વિવિધ વય જુથમાં સીટી સિંગર સ્પર્ધા યોજાશે

## શ્રી સાર્વજનિક ગણેશોત્સવ અન્વયે તા ૩૧ ઓગષ્ટથી ૬ સપ્ટેમ્બર દરમિયાન ગણેશજીની પુજા અર્ચના સાથે વૈવિધ્યસભર કાર્યક્રમોનુ આયોજન

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં ગણેશોત્સવની ઉજવણી માટે ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સતત ૫૩ માં વર્ષે ગણેશોત્સવની ઉજવણી અન્વયે તા ૩૧ ઓગષ્ટથી ૬ સપ્ટેમ્બર દરમિયાન વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે. જે અન્વયે સીટી સિંગર સ્પર્ધા પણ યોજવામાં આવશે વિવિધ ત્રણ વય જુથમાં યોજનારી આ સ્પર્ધામાં ભાગ લેવા માટે આગામી તા ૧૦ ઓગષ્ટ સુધીમાં સ્પર્ધકોએ તેમના ફોર્મ ભરી લેવા તે માટે પણ સંસ્થા દ્વારા જણાંવાયુ છે.

કોરોના કાળમાં બે વર્ષના અંતે ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવાનુ આયોજન કરાયુ છે. શહેરમાં શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા પણ સતત ૫૩ માં વર્ષે વિઘ્નહર્તાની વિશેષ પુજા અર્ચના અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે. શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે તા ૩૧ ઓગષ્ટથી તા ૬ સપ્ટેમ્બરના રોજ સે-૨૨ રંગમંચ ખાતે ગણેશોત્સવ અન્વયે રોજબરોજ પુજા આરતી સાથે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરાશે. આ દરમિયાન બેસ્ટ સિટી સિંગર ૨૦૨૨ સ્પર્ધા યોજવામાં આવશે. વિવિધ ત્રણ વય જુથમાં આ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવશે જેમાં ગૃપ એ માં ૬ થી ૧૫ વર્ષ તેમજ ગૃપ બી માં ૧૬ થી ૪૦ વર્ષ અને ગૃપ સી માં ૪૧ થી વધુ ઉંમરના સ્પર્ધકો ભાગ લેશે. શહેરના ઉગતા કલાકારોએ પણ મોટી સંખ્યામાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવા માટે કાર્યક્રમના કો ઓર્ડિનેટર શૈલેશ પરમારે અનુરોધ કર્યો છે. જયારે સિટી સીંગર સ્પર્ધાનુ પ્રવેશ પત્ર મિનાક્ષી ટ્રેડર્સ પ્લોટ નં - ૩૮૧ સે-૧૬ ખાતેથી મેળવી લેવા માટે અને તા ૧૦ ઓગષ્ટ સુધીમાં સંપુર્ણ વિગત ભરીને આપી દેવા માટે પણ જણાંવાયુ છે.

## અમદાવાદમાં સૌથી વધુ ૩૯૧ કેસ

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૧૨૮ નવા કેસ

ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં કોરોનાના કેસ ફરી એકવખત આજે ૧૧૦૦ને પાર પહોંચી ગયો છે, એટલે કે આજે ૧૧૨૮ કેસ નોંધાયા છે. સાવચેતી નહીં રાખો તો હજુ આ અંકડો વધી પણ શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૧૨૮ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૯૦૨ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે ત્રણ દર્દીઓનું મોત થયું છે. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૬૩ ટકા થઈ ગયો છે.

રાજ્યમાં હાલ ૬૨૧૮ એક્ટિવ કેસ છે. જેમાંથી ૧૦ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૬૨૦૮ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૩૬,૦૩૧ દર્દીઓ મ્હાત આપી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૬૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૩૯૧ કેસ અને ત્રણના મોત નોંધાયા છે. જો રસીકરણની વાત કરવામાં આવે તો રાજ્યમાં આજે સાંજે ૫ વાગ્યા સુધીમાં કુલ ૫,૭૩,૬૨૭ લોકોને રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૩૦૧૯ ને રસીનો પ્રથમ અને ૧૦૦૩૮ લોકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.



રામકથા મેદાનની ઝાડીઓમાં છેલ્લા કેટલાંય સમયથી એક રીક્ષા બીનવારસી હાલતમાં પડેલી જોવા મળી રહી છે. આ રીક્ષાના ટાયરો, સીટો તથા એન્જીન પણ કોઈ શખ્સ કાઢી ગયુ છે.

# વેદ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે લાઈફ સ્કીલ એક્ટિવીટી અંતર્ગત સેશન



ગાંધીનગર, તા.૨૯

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં 'લાઈફ સ્કિલ એક્ટિવિટી' અંતર્ગત સેશન યોજવામાં આવ્યું હતું. બાળકોના જીવનમાં કૌશલ્યોનો વિકાસ થાય અને રોજિંદા જીવનમાં આ બધા જ કૌશલ્યનો ઉપયોગ કરી શકે તે હેતુથી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં પ્રેક્ટીકલી બાળકોને દાંતમાં કઈ રીતે બ્રશ કરવું અને બ્રશ ના કરવાથી દાંતને કેટલું નુકસાન થાય છે તે સમજાવવામાં આવ્યું હતું. બ્રશ નહીં કરવાથી કેવિટીઝ તથા દાંતને લગતી ઘણી બધી તકલીફો થાય છે. જેથી અત્યારે નાનપણથી જ આ ગુણ વિકસાવવા માટે સ્કૂલ ફેકલ્ટીસ દ્વારા બાળકોને બ્રશ કરવાનું પ્રેક્ટીકલી શીખવી દરરોજ આ જ રીતે બ્રશ કરીને આવવાનું પ્રોમિસ કરાવવામાં આવ્યું હતું. બાળકોને બ્રશિંગને લગતી પોઈમ દ્વારા પણ શીખવવામાં આવ્યું હતું.

## ભવિષ્ય દેખાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વૈશ્વિક અર્થવ્યવસ્થામાં આપણી વર્તમાન અને ભવિષ્યની ભૂમિકાને પૂરી કરી શકે.

તેમણે જણાવ્યું કે, ગિફ્ટ સિટી સાથે સામાન્ય માણસની આંકાંક્ષા, ભારતના ભવિષ્યનું વિઝન જોડાયેલું છે. જાન્યુઆરી ૨૦૧૩માં ગિફ્ટ બેક્રના ઈનોગ્રેશન માટે આવ્યો હતો. ત્યારે ગુજરાતની સૌથી ઉંચી બિલ્ડિંગ કહેતા હતા. પરંતુ ગિફ્ટ સિટી એક એવો આઈડિયા પોતાના સમય કરતા પણ ઘણો આગળ હતો. આજે ૨૧મી સદીમાં નાણા અને ટેકનોલોજી એકબીજા સાથે જોડાયેલા છે, અને જ્યારે ટેક્નૉલૉજી, વિજ્ઞાન અને સૉફ્ટવેરની વાત આવે છે, ત્યારે ભારત પાસે એક edge અને experience પણ છે. આજે સમગ્ર વિશ્વમાં રિયલ ટાઈમ ડિજિટલ પેમેન્ટ્સમાં એકલા ભારતનો હિસ્સો ૪૦% છે.

છેલ્લા ૮ વર્ષમાં દેશમાં financial inclusion ની નવી લહેર જોવા મળી છે. ગરીબમાં ગરીબ લોકો પણ આજે ઔપચારિક નાણાકીય સંસ્થાઓમાં જોડાઈ રહ્યા છે. આજે જ્યારે આપણી મોટી વસ્તી ફાઈનાન્સ સાથે જોડાઈ છે, ત્યારે સમયની જરૂરિયાત છે કે સરકારી સંસ્થાઓ અને પ્રાઈવેટ પ્લેયર્સ સાથે મળીને આગળ વધે. ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જના લોકાર્પણ પ્રસંગે ઝસ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની ગિફ્ટ સિટી ટ્રેડ બિઝનેસ અને ફાઈનાન્સ સેક્ટરને ગ્લોબલ સેન્ટર બનાવશે. ગિફ્ટ સિટી પાસે રિવરફ્રન્ટ વિકાસ માટે ૩૭૫ કરોડના બેજેટનું આવંટન કરવામાં આવ્યું છે. ઈકોસિસ્ટમ સ્ટોક એક્સચેન્જ પર ૧૦૦ ટકા રિફંડની સુવિધા આપી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટી આગામી દિવસમાં મેન્યુફેક્ચરિંગ, સિરામિક, ડાયમન્ડ અને ફાર્માસ્યૂટિકલ હબ બન્યું છે અને હવે ફાઈનાન્સિયલ સર્વિસનું હબ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યાં છીએ. અમે ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂટ અને કંપનીઓને આમંત્રણ આપીએ છીએ કે ગુજરાત આવો અને વ્યાપાર કરો. રાજ્યના સીએમ ભૂપેન્દ્ર પટેલે મોમેન્ટો આપી તેમનું સ્વાગત કર્યું છે. ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સ્ચેન્જ ખાતે દરરોજ ૫૦ હજાર કરોડથી વધુના સોના-ચાંદીનું ટ્રેડિંગ થશે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારામન, ગુજરાતના નાણાં અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ, કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી ડૉ. ભાગવત કિશનરાવ કરાડ અને કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

## ૪ કાર ગાયબ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડાયમંડ સિટી ફ્લેટમાંથી અર્પિતાની જે ૪ ગાડીઓ ગાયબ છે. તેમાંથી બે ગાડીઓ અર્પિતા મુખર્જીના નામ ઉપર છે. આ ગાડીઓમાં હોન્ડા સિટી(ડબલ્યુબી ૦૬ટી ૬૦૦૦) અને ઓડી (ડબલ્યુબી ૦૨એબી ૯૫૬૧) નો સમાવેશ થાય છે. આ અગાઉ ગુરૂવારના રોજ ઈડીને અર્પિતા મુખર્જીના એક અન્ય ફ્લેટ વિશે જાણકારી મળી હતી. આ ફ્લેટ કોલકાતા એરપોર્ટ પાસેના ચિનાર પાર્કમાં છે. ત્યાં રોયલ રેજિડેન્ટ બિલ્ડિંગના ચોથા માળે ૪૦૪ નંબરનો ફ્લેટ અર્પિતા મુખર્જીના નામે છે. આ બિલ્ડિંગના અકાઉન્ટન્ટના પ્રમાણે આ ફ્લેટના પણ ઘણા રૂપિયા મેન્ટેનેન્સ ચાર્જ તરીકે અર્પિતાના નામે બાકી છે. અર્પિતાને ઘણીવાર મેલ કરવા છતા પણ કોઈ જવાબ નથી મળ્યો.

## સમન્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્મૃતિ ઈરાનીએ માનહાનિનો આરોપ લગાવતા ૨ કરોડના વળતરની પણ માંગણી કરી છે. કોંગ્રેસે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીના દીકરી પર ગોવામાં ગેરકાયદેસર બાર ચલાવવાનો આરોપ લગાવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઈરાનીને તત્કાળ મંત્રીમંડળમાંથી હટાવવાની માંગણી કરી હતી. ત્યારબાદ સ્મૃતિ ઈરાનીએ આ કાર્યવાહી કરી.

આ મામલે જસ્ટિસ મિની પુષ્કરણાએ કહ્યું કે પ્રથમ દ્રષ્ટિએ મને લાગે છે કે તથ્યોની તપાસ કર્યા વગર (સ્મૃતિ ઈરાની અને તેમના પુત્રી વિરુદ્ધ) આ આરોપ લગાવવામાં આવ્યા છે. જેનાથી ફરિયાદકર્તાની પ્રતિષ્ઠાને ખરેખર નુકસાન થયું છે. આથી કોર્ટ ટ્વિટર, યુટ્યૂબ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, પર ઉપલબ્ધ પ્રેસ કોન્ફરન્સમાં લગાવવામાં આવેલા આરોપોને તરત હટાવવાના નિર્દેશ આપે છે.

## કહેર યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેસ, બોરીયા, કડાદરા, કડજોદરામાં અને ધારીસણમાં ૨-૨ કેસ નોંધાવા ઉપરાંત બહિયલ, શક્તિપુરા, શીયાવાડા, હરખજીના મુવાડા, લવાડમાંથી કેસો મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં ઉવારસદ ગામેથી પાંચ કેસ મળ્યા છે. જેમાં ૭ વર્ષ અને ૮ વર્ષની આયુ ધરાવતી દિકરીઓનો પણ સમાવેશ થાય છે. રૂપાલમાંથી બે કેસ ઉપરાંત છાલા, અડાલજ, સોનારડા ગામેથી કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કલોલ શહેરમાં ૪ કેસ તો સેમી અર્બન તરીકે ઓળખાતા સઈજ ગામમાંથી ૬ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત જેઠલજ, કારોલી, મોટી ભોંયણ, ચાંદીસણા અને ડાભલા ગામેથી કેસ મળેલ છે.

માણસા તાલુકામાં લોદરામાંથી બે કેસ ઉપરાંત હિંમતપુરા, ખડાત, ગ્રામભારતી તેમજ મંડાલી ગામેથી કેસ મળી આવેલ છે.

આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં તંત્રએ ૧૦,૨૪૫ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે તેમજ હોમ આઈસોલેશનમાં રહેલ દર્દીઓના અસરકારક મોનીટરીંગ માટે સૂચનાઓ આપી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૩૪ કેસ નોંધાયા છે. શહેરમાં સંવેદનશીલ વિસ્તારો જે અગાઉની લ્હેરમાં બન્યા હતા ત્યાંથી જ કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સેક્ટરોમાંથી ૨૫ અને આસપાસના વિસ્તારોમાંથી ૯ કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૩ મહિલા અને ૬ દર્દી ૬૦થી વધુ વયના છે. આજે નોંધાયેલા કેસમાં એક દર્દી દિલ્હી ૭ દિવસ રોકાઈ પરત આવેલ છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે સે. ૨ અને સે. ૪ માંથી ૪-૪ કેસ, સે. ૬ માંથી ૩ કેસ, સે. ૩, ૮, ૨૮, કુડાસણ, સરગાસણમાંથી ૨-૨ કેસ તેમજ સે. ૫, ૧૭, ૨૦, ૨૨, ૨૪, ૨૭, ૨૯ અને ૩-એ-ન્યુ ઉપરાંત ધોળાકુવા, જીઈબી, ખોરજ, પેથાપુર, રાંદેસણમાંથી કેસો મળી આવ્યા છે.

આજે શહેરમાં ૩૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલ કેસ સાથે શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૨૦૧ જેટલી છે. શહેરમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

## જપ્ત કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કક્ષાએથી અત્યાર સુધીમાં લાખોનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતા હજુ સુધી ફુડકોર્ટના સ્ટોલ ધારકો દ્વારા પાટનગર યોજના વિભાગને ભાડુ ચુકવવામાં આવતુ નથી ફુડકોર્ટના સ્ટોલ ધારકો પાસેથી પાટનગર યોજના વિભાગે અંદાજિત ૨૫ લાખના ભાડાની વસુલાત બાકી છે. આ મામલે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી ત્રણ વાર નોટીસ આપવામાં આવી છે આમછતા ફુડકોર્ટના સંચાલકો ભાડુ ચુકવવામાં નિરસતા દાખવી રહ્યા છે. જયારે આ મામલે તંત્રએ આપેલી આખરી નોટીસમાં ભાડુ નહીં ચુકવનાર વેપારીઓની દુકાના જપ્ત કરી લેવા સુધીના પગલા લેવાશે તેમ પણ જણાંવ્યુ છે. અલબત્ત ફુડકોર્ટની દુકાનોમાં ભાડુ ચુકવવામાં છેલ્લા બે વર્ષથી ઠાગાઠૈયા કરતા વેપારીઓની દુકાનો પણ હવે જપ્ત લઈ લેવા સુધી તંત્રએ તૈયારી દર્શાવી છે.

## પરીક્ષા આપવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદમાં પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. તેઓને ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ એક્ઝામિનેશન (એફએમજીઈ) પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે.

વિદ્યાર્થીઓએ ૩૦ જૂન ૨૦૨૨ના રોજ અથવા તે પહેલા સંબંધિત સંસ્થા દ્વારા અભ્યાસક્રમ પૂર્ણ કરવાનું પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે. વિદેશી મેડિકલ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ કે જેઓ એફએમજી પરીક્ષા પાસ કરે છે તેઓએ ફરજિયાત મેડિકલ ઈન્ટર્નશિપના બે વર્ષ પૂર્ણ કરવા પડશે. વિદેશી તબીબી સ્નાતકો બે વર્ષ માટે સીઆરએમઆઈ પૂર્ણ કર્યા બાદ જ નોંધણી કરી શકશે. એમએમસી એફિડેવિટ જણાવે છે કે, ક્લિનિકલ તાલીમ માટે ઈન્ટર્નશિપનો સમયગાળો બમણો કરવામાં આવ્યો છે.

ભારતમાં મેડિકલનું શિક્ષણ ખૂબ જ મુશ્કેલ છે. ડોકટર બનવા માંગતા વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી ભારત છે. વિદેશમાં મેડિકલ અભ્યાસ માટે જતા મોટાભાગના વિદ્યાર્થીઓમાં એવા લોકોનો સમાવેશ થાય છે જેઓ ભારતમાં મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે નીટ પરીક્ષા પાસ કરી શક્યા નથી. નીટ દર વર્ષે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવામાં આવે છે.